# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 06-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**DAY : SUNDAY** **NATIONAL NEWS**

નમસ્કાર,આકાશવાણી,

**OPENING SIGNATURE TUNE**

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

**1)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રાઝિલમાં દ્વિપક્ષીય બેઠકોમાં ભાગ લેશે.**

**2)** **કેન્દ્રીય સહકારમંત્રી અમિત શાહે કહ્યું દેશના આર્થિક વિકાસમાં સહકારી સમિતિઓનું મહત્વનું યોગદાન**

**3)** **અમેરિકન ઉદ્યોગસાહસિક ઍલોન મસ્કે “અમેરિકા પાર્ટી” નામથી નવા રાજકીય પક્ષની રચનાની જાહેરાત કરી.**

**4)** **ગુજરાત, કોંકણ અને ગોવાના કેટલાક વિસ્તારમાં આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી.**

**5)** **ક્રિકેટમાં ઇંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચમાં ભારત મજબૂત સ્થિતિમાં – ભારતીય ટીમ વિજયથી સાત વિકેટ દૂર.**

.........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM BRAZIL ARGENTINA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 17-મા બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા આજે બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે પહોંચ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, તેઓ અનેક મહત્વના ક્ષેત્રોમાં ભારત અને બ્રાઝિલ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીનું વિસ્તરણ કરવા રાષ્ટ્રપ્રમુખ લુઈઝ ઈનાશિયો લુલા દી સિલ્વા સાથે વાતચીત કરવા ઉત્સુક છે.

બ્રાઝિલમાં ભારતીય મૂળના લોકો અને ત્યાં કામ કરતા ભારતીય સમુદાયે પ્રધાનમંત્રીનું ભવ્ય સ્વાગત કર્યું. પ્રધાનમંત્રી આજે સાંજે બ્રિક્સની કાર્યસૂચિ પર ચર્ચા કરશે અને દ્વિપક્ષીય બેઠકોમાં પણ ભાગ લેશે. પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ.

**(V/C- SUDHINDRA KUMAR)**

આ અગાઉ પ્રધાનમંત્રીએ આર્જેન્ટિનાના રાષ્ટ્રપ્રમુખ જૅવિયર મિલેઈની સાથે ગઈકાલે સાર્થક બેઠક યોજી. બંને નેતાઓ વચ્ચે બેઠક બાદ પ્રતિનિધિ મંડળ સ્તરનો સંવાદ કર્યો. બંને દેશ વાણિજ્ય અને વેપાર, ટેક્નોલૉજી અને ઔષધ ક્ષેત્ર સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહકાર વધારવા અને વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા પર સંમેત થયા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM ASADHI EKADASHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અષાઢી એકાદશી નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આ દિવસે ભગવાન વિઠ્ઠલની પ્રાર્થના કરવામાં આવે છે, જેથી તેમના આશીર્વાદ હંમેશા આપણા પર રહે. શ્રી મોદીએ ભગવાન વિઠ્ઠલ સમાજને આનંદ અને સમૃદ્ધિ તરફ લઈ જશે તેવી પ્રાર્થના પણ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM DALAI LAMA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિબેટના આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાના 90મા જન્મદિવસ નિમિત્તે આજે તેમને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ દેશવાસીઓ તરફથી તેમને શુભેચ્છાઓ પાઠવી. શ્રી મોદીએ દલાઈ લામાને પ્રેમ, કરૂણા, ધીરજ અને નૈતિક શિસ્તના પ્રતિક ગણાવ્યા.

શ્રી મોદીએ કહ્યું, દલાઈ લામાના સંદેશે તમામ ધર્મના લોકોમાં સન્માનની ભાવનાને પ્રેરણા આપી છે. તેમણે દલાઈ લામાના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની પણ પ્રાર્થના કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ બે દિવસના ગુજરાત પ્રવાસે છે. સહકાર મંત્રાલયના ચાર વર્ષ પૂર્ણ થવા નિમિત્તે શ્રી શાહે આજે આણંદમાં અમૂલ અને રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ - **NDDB**ના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે શ્રી શાહે કહ્યું દેશના આર્થિક વિકાસમાં સહકારી સમિતિઓનું મહત્વનું યોગદાન છે. તેમણે ડો. શ્યામપ્રસાદ મુખર્જીની જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે શ્યામપ્રસાદ મુખર્જી ના હોત તો કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો ન હોત.

**(બાઇટ: અમિત શાહ – કેન્દ્રીય સહકાર મંત્રી)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## FINANCE MIN BRICS

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે રિયો ડી જાનેરોમાં બ્રિક્સ દેશોના નાણામંત્રીઓ સાથે દ્વિપક્ષીય સહયોગના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી, જેમાં વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ ક્ષેત્રોમાં સહયોગનો સમાવેશ થાય છે. રશિયાના નાણામંત્રી એન્ટોન સિલુઆનોવ સાથેની મુલાકાતમાં, તેમણે ન્યૂ ડેવલપમેન્ટ બેંક સંબંધિત બાબતો સહિત નાણાકીય ક્ષેત્રમાં પરસ્પર સહયોગના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. સુશ્રી સીતારમણે ચીનના નાણામંત્રી લેન ફોઆનને પણ

મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે વિશ્વની બે સૌથી મોટી અને સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓ હોવાને કારણે, ભારત અને ચીન સમાવેશી વૈશ્વિક વિકાસ અને નવીનીકરણમાં અગ્રેસર બનવા માટે સકારાત્મક સ્થિતિમાં છે.

બ્રાઝિલના નાણામંત્રી ફર્નાન્ડો હડાડે સાથેની તેમની મુલાકાતમાં, સુશ્રી સીતારમણે બ્રિક્સ સમિટના અધ્યક્ષપદ દરમિયાન બ્રાઝિલના સમર્પિત પ્રયાસોની પ્રશંસા કરી હતી, જેમાં બહુ-ધ્રુવીય વિશ્વ વ્યવસ્થા અને બ્રિક્સના વિસ્તરણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. નાણામંત્રીએ કહ્યું કે ભારત બ્રાઝિલ દ્વારા નિર્ધારિત એજન્ડા અને પ્રાથમિકતાઓને સમર્થન આપે છે. તેમણે કહ્યું કે જાન્યુઆરી 2026 માં બ્રિક્સ દેશોના અધ્યક્ષપદ સંભાળ્યા પછી ભારત આ પરિણામ આધારિત સહયોગ ચાલુ રાખશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JP NADDA DELHI

કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ નવી દિલ્હીમાં આજે નિમણૂક પત્ર વિતરણ અને આયુષ્માન ભારત માટેની નોંધણી વાનનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી નડ્ડાએ કહ્યું, વિશ્વ આરોગ્ય સંસ્થા- **W.H.O.**ના એક અહેવાલ મુજબ, ભારતમાં ક્ષયના કેસમાં અંદાજે

17.5 ટકાનો ઘટાડો નોંધાયો છે. જ્યારે વૈશ્વિક સ્તરે આ ઘટાડો માત્ર આઠ ટકા રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## MUSK AMERICAN PARTY

અમેરિકન ઉદ્યોગસાહસિક ઍલોન મસ્કે “અમેરિકા પાર્ટી” નામના નવા રાજકીય પક્ષની રચનાની જાહેરાત કરી. આ પક્ષનો ઉદ્દેશ રિપબ્લિકન અને ડેમોક્રેટના વર્ચસ્વ ધરાવતા બે પક્ષવાળી વ્યવસ્થાને પડકાર આપવાનો છે.

સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ એક્સ પર આ જાહેરાત કરતા શ્રી મસ્કે બંને મુખ્ય પક્ષ પર અનિયંત્રિત સરકારી ખર્ચ અને ભ્રષ્ટાચારનો આક્ષેપ લગાવ્યો. ઍલોન મસ્કનો જન્મ અમેરિકામાં ન થયો હોવાથી તેઓ રાષ્ટ્રપ્રમુખ પદના ઉમેદવાર ના બની શક્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAGANNATH PURI

ઓડિશાની રાજધાની પુરીમાં આજે ભગવાન જગન્નાથજી, ભગવાન બલભદ્રજી અને દેવી સુભદ્રાજીના સુવર્ણ સ્વરૂપ "સુના બેશા" સમારોહ યોજાશે. દરમિયાન ભગવાનને આકર્ષક સોનાના આભૂષણોથી શણગારવામાં આવશે. ઓડિશા સરકારે "સુના બેશા" માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા પણ કરી છે. આ ભવ્ય આયોજન માટે પુરીમાં 15 લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવે તેવી સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ASHOORA E MUHARRAM

આજે મોહરમ છે. આ દિવસ પૈગમ્બર મોહમ્મદના દોહિત્ર હઝરત ઈમામ હુસૈન અને તેમના શિષ્યોની શહાદતની યાદમાં મનાવાય છે, જેઓ સત્ય અને ન્યાય માટે કરબલામાં શહીદ થયા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, હઝરત ઈમામ હુસૈને

લોકોને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ સત્ય પર અડગ રહેવાની પ્રેરણા આપી હતી. મોહરમના દિવસે તાજિયાનું જુલુસ કાઢવામાં આવે છે અને મજલિસનું આયોજન કરાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ZOONOTIC DISEASES PREVENTION DAY

આજે વિશ્વ ઝૂનૉટિક રોગ નિવારણ દિવસ છે. તેનો ઉદ્દેશ પ્રાણીઓથી માનવીઓમાં થતી બીમારીઓ અંગે લોકોને જાગૃત કરવાનો છે. ભારતીય તબીબી સંશોધન પરિષદ (ICMR)ના સંશોધનમાં સૂચન કરાયું છે કે, વર્ષ 2030 સુધી શ્વાનથી થતા હડકવાના રોગને નાબૂદ કરવાની કાર્યવાહી ઝડપી બનાવવી પડશે.

પરિષદે જણાવ્યું, ભારતમાં દર વર્ષે હડકવાના કારણે અંદાજે પાંચ હજાર 700 લોકોના મોત થાય છે, જ્યારે પ્રાણીઓના કરડવાથી અંદાજે 91 લાખથી વધુ ઘટનાઓ બને છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WEATHER

દિલ્હીમાં આજે સવારે ભારે વરસાદ પડવાથી ભીષણ ગરમીથી રાહત મળી. હરિયાણા, ચંદીગઢ, પંજાબ અને હિમાચાલ પ્રદેશમાં પણ આગામી બે દિવસ સુધી આ જ સ્થિતિ રહેવાની શક્યતા છે. પૂર્વ ઉત્તરપ્રદેશ અને

પશ્ચિમ રાજસ્થાનના કેટલાક સ્થળ પર આજે ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આઠ જુલાઈ સુધી આ ક્ષેત્ર માટે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

દરમિયાન હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારમાં આજે અને મધ્ય મહારાષ્ટ્રના ઘાટ વિસ્તારમાં આગામી બે દિવસ સુધી ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે આગામી 11 જુલાઈ સુધી ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનના કેટલાક સ્થળ પર ભારે વરસાદની શક્યતા છે. બીજી તરફ, કોંકણ અને ગોવાના કેટલાક વિસ્તાર તથા ગુજરાતમાં આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET INDIA ENGLAND

ક્રિકેટમાં બર્મિંઘમના એજબેસ્ટનમાં બીજી ટેસ્ટ મૅચમાં ભારત મજબૂત સ્થિતિમાં છે. ભારતીય ટીમે ઇંગ્લૅન્ડને 608 રનનો લક્ષ્યાંક આપ્યો છે. યજમાન ઇંગ્લૅન્ડે ચોથા દિવસે મૅચ પૂર્ણ થવા સુધીમાં ત્રણ વિકેટે 72 રન બનાવ્યા હતા. ઇંગ્લૅન્ડ હજુ ભારતથી 536 રનથી પાછળ છે. ઑલી પૉપ 24 અને હૈરી બ્રૂક 15 રન બનાવીને રમતમાં છે. મૅચ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે.

આ અગાઉ ચોથા દિવસે ભારતીય સુકાની શુબમન ગિલે ટેસ્ટ ઇતિહાસમાં ભવ્ય વ્યક્તિગત પ્રદર્શન કર્યું. ગિલે બંને ઇનિંગમાં કુલ 430

રન બનાવ્યા. તેમણે પહેલી ઇનિંગમાં 269 અને બીજી 161 રન બનાવ્યા. ટૅસ્ટ મૅચના ઇતીહાસમાં કોઈ પણ ભારતીય ખેલાડી દ્વારા બીજો સૌથી મોટો કુલ સ્કોર છે. આ પહેલા ગ્રેહામ ગૂચે વર્ષ 1990માં લૉર્ડ્સમાં ભારત સામે 456 રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DAY TEXAS FLOODS

અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં અચાનક પૂર આવતા 15 બાળકો સહિત 49 લોકોના મોત થયા છે. ગુઆ-ડાલ્યૂપ નદીનું જળસ્તર માત્ર ત્રણ કલાકમાં અંદાજે 30 ફુટ વધી જતાં આ દુર્ઘટના સર્જાઈ. અત્યાર સુધી 850 લોકોને બચાવી લેવાયા છે. હવામાન વિભાગે ક્ષેત્રમાં વધુ ભારે વરસાદ થવાની પણ આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .